ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડતાલ પોલીસના જમાદારની છત્રછાયામાં બુટલેગરો બેફામ બન્યા હોવાનો ગ્રામજનોનો ગંભીર આરોપ

નડિયાદના ગુતાલમાં બુટલેગરોનો આતંક, ગ્રામજનો પર પથ્થરમારો

દારૂની બાતમીના વહેમમાં ૧૫થી ૨૦ હુમલાખોરોના આતંકનો વીડિયો વાયરલ થતાં ફફડાટ

(પ્રતિનિધિ) નડિયાદ, તા. ૨

નડિયાદ નજીક આવેલા ગુતાલ ગામમાં દારૂના ધંધાની બાતમી આપ્યાના વહેમમાં બુટલેગરોના પરિવારે ભારે આતંક મચાવી ગામના નિર્દોષ લોકો પર લાકડા અને દંડા વડે હુમલો કરી આડેધડ પથ્થરમારો કર્યો હતો. હુમલા અને ગામના વડીલ પર કરાયેલી મારપીટનો વીડિયો વાયરલ થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી છે. આ બનાવ અંગે ભોગ બનનાર પરિવારે કાયદાકીય ન્યાય માટે વડતાલ પોલીસ મથકે અરજી આપી છે.





નડિયાદના ગુતાલ ગામમાં દેશી દારૂનો વેપલો કરતા બુટલેગરોને શંકા ગઈ હતી કે ગામના જ એક પરિવારે પોલીસને બાતમી આપી છે. આ શંકા અને અદાવત રાખીને ૧૫ થી ૨૦ લોકોનું મોટું ટોળું હાથમાં લાકડીઓ અને દંડાઓ સાથે રસ્તા પર ઉતરી આવ્યું હતું અને સામા પક્ષ પર પથ્થરમારો કરી ભારે ધીંગાણું સર્જ્યું હતું. હુમલાખોરોએ રસ્તામાં આંતરીને મારી નાખવાની તથા જીવતા સળગાવી દેવાની ધમકીઓ આપી હતી. પોલીસની ૧૧૨ નંબરની ઈમરજન્સી હેલ્પલાઈન પર કોલ કરવા છતાં બુટલેગરોની ગુનાહિત હિંમત અકબંધ રહી હતી.

આ અંગે ગ્રામજનોના આક્ષેપ મુજબ, આ સમગ્ર ઘટના પાછળ વડતાલ પોલીસ મથકમાં જ ફરજ બજાવતા બાલકૃષ્ણ નામના જમાદારની સંડોવણી છે. જમાદાર બાલકૃષ્ણ બુટલેગરોનો સગો સંબંધી થતો હોવાથી તેના સીધા માર્ગદર્શન અને રક્ષણ હેઠળ જ આ દારૂનો કાળો કારોબાર ચાલી રહ્યો છે. ભ્રષ્ટ કર્મચારીઓની મિલીભગતને કારણે બેફામ બનેલા બુટલેગરો સામે ઉચ્ચ સ્તરીય તપાસ કરી શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ગ્રામજનોએ ઉગ્ર માંગ કરી છે.

ઉલ્લેખનીય છે કે, ગુતાલ ગામમાં અગાઉ પણ દારૂના વેપલા અંગે ફરિયાદો ઉઠતી રહે છે. જોકે, અગમ્ય કારણોસર કડક કાર્યવાહી માટે પાછી પાની કરાઈ રહી છે.

શિક્ષિત પરિવારને બૂટલેગરો દ્વારા કનડગત

ગામમાં દારૂના ધંધાનો વિરોધ કરતા ગામના શિક્ષિત અને પ્રતિષ્ઠિત પરિવારોને પણ બુટલેગરો ખોટી રીતે રંજાડી રહ્યા છે. મહેમદાવાદની શાળામાંથી નિવૃત્ત થયેલા આદર્શ શિક્ષક વિનુભાઈ અને તેમના પુત્રને આ ઝઘડા સાથે સંબંધ ન હોવા છતાં બળજબરીથી ઘસડીને ગાળો ભાંડી ખોટા કેસ કરવાની ધમકીઓ અપાઈ રહી છે. કંટાળીને પીડિત પરિવારે કલેક્ટર અને ઉચ્ચ પોલીસ અધિકારીઓને લેખિત રજૂઆત કરી છે.

જૂની અદાવતમાં બંને જૂથો વચ્ચે અથડામણ: પી.આઈ.

વડતાલ પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેક્ટર જે. એચ. વાઘેલાના જણાવ્યા અનુસાર, ભૂતકાળની કોઈ બાબતની રીસ રાખીને બંને જૂથો વચ્ચે આ અથડામણ થઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ પોલીસે સ્થળ પર પહોંચી શાંતિ સ્થાપી હતી. હાલ બંને પક્ષો સામે ફરિયાદ નોંધવાની કામગીરી ચાલુ છે અને વાયરલ વીડિયોના આધારે હુમલાખોરો સામે કાયદેસરની કાર્યવાહી કરાશે.

અગાઉ પણ 4 વાહનો સળગાવ્યા હતા

ગુતાલ ગામમાં અગાઉ પણ દારૂના વેપારીઓએ ફરિયાદી પરિવારના ઘર પાસે પાર્ક કરેલા ૪ જેટલા મોટરસાયકલ સળગાવી દીધા હતા. સામા પક્ષને ફસાવવા માટે આ વખતે બુટલેગરોએ પોતાની જ એક્ટિવા સળગાવી દીધી હોવાનું સામે આવ્યું છે. સલુણના રહેવાસી જમાદાર બાલકૃષ્ણના દબાણ અને પ્રભાવના કારણે પોલીસ દ્વારા કોઈ નક્કર કાનૂની કાર્યવાહી કરવામાં આવતી નથી.

બોરસદમાં કાર પાછળ બાઈક અથડાતાં ચાલકનું કરુણ મોત

કસારી ગામ નજીક અંધારામાં ઊભેલી ઝેન કાર સાથે અકસ્માત

(પ્રતિનિધિ) બોરસદ તા.૨

બોરસદના ધુવારણ રોડ પર કસારી ગામ નજીક પાર્કિંગ લાઈટ કે બેરિકેડ વગર અંધારામાં મૂકી રાખેલી કાર પાછળ બાઈક અથડાતાં ગંભીર રીતે ઘવાયેલા બાઈક ચાલકનું વડોદરાની હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર, ખંભાતના બાજીપુરા બસ સ્ટેન્ડ પાસે રહેતા સુરેશભાઈ બાબરભાઈ મકવાણા ગત ૨૦મી સપ્ટેમ્બરના રોજ રાત્રિના સમયે પોતાનું બાઈક લઈને બોરસદ-કસારી રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન કસારી ગામ પાસે એક મારુતિ સુઝુકી ઝેન ગાડી (GJ-07-AG-7610) ના ચાલકે પોતાની કાર કોઈ પણ પ્રકારની પાર્કિંગ લાઇટ ચાલુ કર્યા વિના કે પાછળ બેરિકેડ મૂક્યા વગર રોડ પર અડચણરૂપ રીતે પાર્ક કરી રાખી હતી.

જોકે, અંધારાના કારણે કાર ન દેખાતાં સુરેશભાઈનું બાઇક પાર્ક કરેલી ગાડીના પાછળના ભાગે ધડાકાભેર અથડાયું હતું. આ અકસ્માતમાં તેમને માથા તથા છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આથી, ઈજાગ્રસ્ત સુરેશભાઈને તાત્કાલિક વડોદરાની ગોત્રી હોસ્પિટલ અને ત્યારબાદ સયાજી હોસ્પિટલ (SSG) ખાતે વેન્ટિલેટર પર ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના મોટાભાઈ અરવિંદભાઈ મકવાણાની ફરિયાદના આધારે બોરસદ સિટી પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

નડિયાદ શહેરના રેલવે ફાટકથી મીલ સર્કલ સુધીનો માર્ગ બન્યો 'મોતનો કૂવો'

નડિયાદ શહેરના મીલ રોડ પર ડામર ગાયબ થતાં વાહનચાલકો પરેશાન

શાળા-કોલેજના વિદ્યાર્થીઓ સ્લીપ થતાં ઈજાગ્રસ્ત, દબાણો અને પશુઓના ત્રાસથી પ્રજા બેહાલ



(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨

નડિયાદ શહેરના સૌથી વ્યસ્ત ગણાતા મીલ રોડ પર રસ્તાની બિસ્માર હાલતના કારણે હજારો મુસાફરો પારાવાર હાલાકી ભોગવી રહ્યા છે. રેલવે ફાટકથી મીલ સર્કલ સુધીના સમગ્ર માર્ગ પરથી ડામરનું પડ ઉખડી જતાં માત્ર છૂટી કાંકરીઓ જ પથરાયેલી છે, જેના કારણે દૈનિક ધોરણે અકસ્માતનો ભય મંડરાઈ રહ્યો છે.

નડિયાદ શહેરમાં થોડા સમય પહેલા આ વિસ્તારમાં ભૂગર્ભમાં મોટા નળ નાખવાની કામગીરી માટે રોડ ખોદવામાં આવ્યો હતો. આ કામગીરી પૂર્ણ થયા બાદ સંબંધિત તંત્ર દ્વારા રસ્તો પુનઃ બનાવવાની કોઈ તસ્દી લેવામાં આવી નથી, જેના પરિણામે આખા માર્ગ પર છૂટી કપચી ફેલાઈ ગઈ છે.

આ માર્ગ પર ધર્મસિંહ ટેકનીકલ સ્કૂલ અને મહિલા આર્ટ્સ કોલેજ આવેલી હોવાથી રોજેરોજ હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની અવરજવર રહે છે. રસ્તા પરની કપચીના કારણે ૨ વ્હીલર ચાલકો સ્લીપ થઈ જવાના બનાવો રોજિંદા બન્યા છે અને વિદ્યાર્થીઓ નાની-મોટી ઈજાઓનો ભોગ બની રહ્યા છે. સતત ઉડતી ધૂળના કારણે આસપાસના સ્થાનિક રહીશોના આરોગ્ય પર પણ ગંભીર અસર પડી રહી છે.

આ ઉપરાંત બિસ્માર રોડની સાથે રસ્તાની બંને બાજુના આડેધડ દબાણો અને વચ્ચે અડ્ડો જમાવીને બેઠેલા રખડતા પશુઓએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. રસ્તો સાંકડો બની જતાં કાંકરીવાળા માર્ગ પરથી વાહન સાચવીને ચલાવવું અને ઢોરોથી બચવું રાહદારીઓ માટે લોઢાના ચણા ચાવવા સમાન બન્યું છે. સ્થાનિક પ્રજા દ્વારા વહેલી તકે આ માર્ગનું નવીનીકરણ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.

પેટલાદ પાસે કારની ટક્કરે દંતેલી ગામના ખેડૂતનું મોત

નાર રેલ્વે ઓવરબ્રિજ પાસે રોડ ક્રોસ કરતી વખતે કારે અડફેટે લીધા

(પ્રતિનિધિ) પેટલાદ તા.૨

પેટલાદ તાલુકાના નાર રેલ્વે ઓવરબ્રિજ પાસે પેટ્રોલ પંપની સામે વાસદ-તારાપુર હાઈવે પર રસ્તો ઓળંગી રહેલા દંતેલી ગામના આધેડ ખેડૂતને સ્વિફ્ટ ડીઝાયર ગાડીના ચાલકે જોરદાર ટક્કર મારતાં તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

પેટલાદના દંતેલી ગામના ટેકરા ફળિયામાં રહેતા મફતભાઈ ખોડાભાઈ નાર ગામની સીમમાં ભાગે રાખેલા ખેતરમાં ડાંગરના પાકને પાણી વાળવા માટે સવારે ગયા હતા. સવારે આશરે ૧૦:૩૦ વાગ્યાના સુમારે તેઓ વાસદ-તારાપુર હાઈવે ચાલીને ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે વાસદ તરફથી બેદરકારીપૂર્વક અને પુરઝડપે ધસી આવેલી સફેદ સ્વિફ્ટ ડીઝાયર ફોરવ્હીલર ગાડી (GJ-06-BX-1026) એ તેમને જોરદાર ટક્કર મારી હતી.

આ ટક્કર એટલી પ્રચંડ હતી કે કારનો આગળનો કાચ તૂટી ગયો હતો અને મફતભાઈને માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ થતાં પુષ્કળ લોહી વહી જવાથી તેમણે સ્થળ પર જ દમ તોડી દીધો હતો. આ અકસ્માત બાદ સ્થાનિક લોકો ભેગા થઈ ગયા હતા અને પોલીસને જાણ કરવામાં આવી હતી. આ બનાવ અંગે મૃતકના ૨૦ વર્ષીય પુત્ર જશુભાઈની ફરિયાદના આધારે પેટલાદ રૂરલ પોલીસે સ્વિફ્ટ ડીઝાયરના ચાલક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

નાર રેલવે ફાટક પાસે અગાઉ પણ અનેક અકસ્માત સર્જાયા છે. આ એક્સીડન્ટ ઝોન જાહેર કરવુ જરૂરી બન્યુ છે.

કરમસદ-આણંદ મહાનગરપાલિકાના વિજળીક દરોડા

અંબિકા ફરસાણ માર્ટ અને મનમંદિર ગર્લ્સ હોસ્ટેલમાં ગંદકી દેખાતાં દંડ

સ્વચ્છતાના ધજાગરા ઉડાડતા ફરસાણ માર્ટ અને ગર્લ્સ હોસ્ટેલ સામે કડક કાર્યવાહી, ૨. ૨૧ હજારનો દંડ





(પ્રતિનિધિ) આણંદ તા.૨

કરમસદ-આણંદ મનપા આરોગ્ય વિભાગે શહેરીજનો અને વિદ્યાર્થિનીઓના સ્વાસ્થ્ય સાથે થતી બેદરકારી સામે આકરું વલણ અપનાવ્યું છે. જાહેર આરોગ્ય અને સ્વચ્છતાના નિયમોનું પાલન ન કરનારા એકમો સામે ઝુંબેશ ચલાવીને આરોગ્ય ટીમે સ્થળ પર જ રૂ. ૨૧,૦૦૦નો વહીવટી દંડ વસૂલી કડક ચેતવણી આપી છે.

કરમસદ-આણંદ મનપા વિસ્તારમાં નાગરિકોને શુદ્ધ, સાત્વિક અને સ્વચ્છ ખાદ્ય સામગ્રી મળી રહે તે હેતુથી મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા સતત અને સઘન નિરીક્ષણ હાથ ધરવામાં આવી રહ્યું છે. સ્વચ્છતાના ઉચ્ચ ધોરણો સ્થાપિત કરવાના ભાગરૂપે મનપાની આરોગ્ય ટીમે વ્યાપારી અને સાર્વજનિક સ્થળોએ અચાનક સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરી સ્થિતિનું મૂલ્યાંકન કર્યું હતું.

આ નિરીક્ષણ દરમિયાન તંત્રની ટીમે આણંદ ખાતે આવેલ અંબિકા ફરસાણ માર્ટ તેમજ મનમંદિર ગર્લ્સ હોસ્ટેલ ખાતે સરપ્રાઈઝ તપાસ હાથ ધરી હતી. આ બંને સ્થળો પર સ્વચ્છતાના નિયત ધોરણોનું પૂરતું પાલન થતું ન હોવાનું ખુલ્લું પડ્યું હતું. નાગરિકો તેમજ હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થિનીઓના આરોગ્યની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા મહાનગરપાલિકાએ તાત્કાલિક ધોરણે કડક કાર્યવાહી કરી બંને સંસ્થાઓ પાસેથી રૂ. ૨૧ હજાર નો દંડ વસૂલ કર્યો હતો.

લુણાવાડા નજીક વાહનની ટક્કરે આધેડનું કરુણ મોત

ઉકરડી ગામની સીમમાં બુધવારે રાત્રે બાઇકને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨

લુણાવાડાના સંતરામપુર હાઈવે રોડ પર ઉકરડી ગામની સીમમાં દેનાવાડ ગામ પાસે બુધવારે રાત્રે પોણા દશેક વાગ્યાના સુમારે એક દર્દનાક માર્ગ અકસ્માત સર્જાયો હતો. પુરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા એક અજાણ્યા વાહને બાઇકને જોરદાર ટક્કર મારતાં બાઇક સવાર આધેડનું ગંભીર ઈજા થવાના કારણે કરૂણ મોત નીપજ્યું હતું. આ અકસ્માત સર્જી અજાણ્યો ચાલક વાહન સાથે ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો.

કોઠંબા તાલુકાના ઝારા ભડખા (ઢોલી ફળિયું) ખાતે રહેતા તખતભાઈ સોમાભાઈ બજાણીયા (ઉં.વ. ૫૩) પોતાના સાથી શૈલેષભાઈ લક્ષ્મણભાઈ ડામોર સાથે બજાજ પ્લેટિના મોટરસાઇકલ પર કડિયાકામ અને સામાજિક કામે ગયા હતા. રાત્રિના સમયે પરત ફરતી વખતે ઉકરડી ગામની સીમમાં અજાણ્યા વાહને તેમને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા તખતભાઈને ૧૦૮ મારફતે પ્રથમ લુણાવાડા કોટેજ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે મૃતકના પુત્ર બિપીનભાઈ બજાણીયાની ફરિયાદના આધારે લુણાવાડા તાલુકા પોલીસે નાસી છૂટેલા વાહન ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કપડવંજમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક વાપરતાં વેપારીઓ સામે કડક ઝુંબેશ

કપડવંજમાં વેપારીઓ પાસેથી ૬૮ કિલો પ્લાસ્ટિક જપ્ત કર્યું

પાલિકાએ ૩ દિવસની ખાસ ડ્રાઇવમાં રૂ. ૮,૫૦૦નો દંડ વસુલ્યો





(પ્રતિનિધિ) કપડવંજ તા.૨

કપડવંજ શહેરને સ્વચ્છ, સુંદર અને પ્લાસ્ટિક મુક્ત કરવાના ઉદ્દેશ્ય સાથે નગરપાલિકા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક વિરુદ્ધ વિશેષ ડ્રાઇવ યોજવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરનારા વેપારીઓ સામે લાલ આંખ કરી કુલ ૬૮ કિલો સિંગલ યુઝ પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું છે અને રૂ. ૮,૫૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે.

કપડવંજ પાલિકાના ચીફ ઓફિસર મેહુલ પરમારના માર્ગદર્શન હેઠળ સેનેટરી વિભાગની ટીમે શહેરના વિવિધ વેપારી મથકો અને વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. સતત ૩ દિવસ સુધી ચાલેલી આ તપાસ દરમિયાન સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા નાના-મોટા વેપારીઓ તેમજ ગલ્લાધારકો સામે નિયમાનુસાર દંડાત્મક પગલાં લેવાયા હતા.

આ તપાસ દરમિયાન પાલિકાની ટીમે વેપારીઓને સિંગલ યુઝ પ્લાસ્ટિકથી પર્યાવરણને થતા ગંભીર નુકસાન અંગે જાગૃત કર્યા હતા અને પ્લાસ્ટિકના બદલે કાપડ કે કાગળની થેલી જેવા પર્યાવરણઅનુકૂળ વિકલ્પો અપનાવવા અપીલ કરી હતી. આ અંગે પાલિકા તંત્ર દ્વારા સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે શહેરની સ્વચ્છતા જાળવવા માટે આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ સતત ચાલુ રહેશે.

સ્વામી સચ્ચિદાનંદ દ્વારા કેપ્ટન સ્મિત મચ્છર માટે ૨૫ લાખના ઈનામની જાહેરાત

કોકપિટમાં ઘાયલ થવા છતાં ૧૭૪ મુસાફરોના તારણહાર ગુજરાતી પાયલટનું સન્માન કરવા વિચાર



(પ્રતિનિધિ) પેટલાદ તા.૨

ગુજરાતના મૂળ વતની અને એક સદીથી મુંબઈ સ્થાયી થયેલ મચ્છર પરિવારના દિકરા કેપ્ટન સ્મિતની શૂરવીરતા વિશ્વમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ સ્મિત મચ્છર દુબઈથી ફ્લાઈટ લઈ તેલઅવિવ જવા રવાના થયા હતા. જેમાં 174 મુસાફરો હતા. આ ફ્લાઈટમાં હિંસક ઘટના બાદ પણ તમામ મુસાફરોનો બચાવ કરવામાં આ ગુજરાતી પાઈલટે હિંમત બતાવી હતી. જેની શૂરવીરતાને બિરદાવતા પેટલાદના પદ્મ ભૂષણ અને ક્રાંતિકારી સ્વામિ સચ્ચિદાનંદ મહારાજે રૂ.25 લાખનું ઈનામ આપવાની જાહેરાત કરી હતી. આ શૂરવીર યુવાનનું સન્માન તેઓના વતન વઢવાણ ખાતે થવાનો વિચાર વ્યક્ત કર્યો હતો.

પેટલાદના દંતાલી સ્થિત ભક્તિ નિકેતન આશ્રમના ક્રાંતિકારી અને પદ્મભૂષણ સ્વામિ સચ્ચિદાનંદ મહારાજે જણાવ્યું હતું કે, એક ભારતીય પાઈલટે 174 લોકોના જીવ બચાવવાનું બહાદુરી પૂર્વકનું કામ કર્યું છે. મૂળ ગુજરાતી આ કેપ્ટન સ્મિત મચ્છરનો જન્મ અને ઉછેર મુંબઈના ઘાટકોપર ખાતે થયો હતો. ટેક્સ્ટાઈલ એન્જીનીયરીંગમાં શિક્ષણ લીધા બાદ સ્મિતે પાઈલટ બનવાનો નિર્ણય કર્યો હતો. જેઓએ ન્યુઝીલેન્ડમાં તાલીમ લીધા પછી વર્ષ 2011માં કારકીર્દી શરૂ કરી હતી. સ્મિત મચ્છર લાંબા અનુભવ પછી જૂન 2022માં ફ્લાય દુબઈમાં કેપ્ટન તરીકે ભરતી થયા હતા. જેઓએ 30મી સપ્ટેમ્બરના રોજ દુબઈથી ફ્લાઈટ લઈ તેલઅવિવ જવા ઉડાન ભરી હતી. જેમાં લગભગ 174 જેટલા મુસાફરો હતા.

આ ફ્લાઈટની ઉડાન દરમ્યાન સ્મિત મચ્છર ઉપર કોકપિટમાં હિંસક હુમલો થયો હતો. તેઓ ગંભીર ઘાયલ થયા હતા. પરંતુ આ ગુજરાતી યુવાને હિંમત રાખી બહાદુરી પૂર્વક કોકપિટનો દરવાજો ખોલી નાંખ્યો હતો. જેથી ક્રૂ મેમ્બર્સ અને મુસાફરો પરિસ્થિતીને નિયંત્રણમાં લઈ શક્યા હતા. જ્યારે કેપ્ટન સ્મિત મચ્છરએ તુરંત ફ્લાઈટને ઈમરજન્સી લેન્ડીંગ કરી દીધું હતું. આ ભારતીય યુવાને 174 લોકોના જીવ બચાવ્યા હતા. કેપ્ટન સ્મિતની શૂરવીરતાને વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ બિરદાવી પ્રશંસા કરી હોવાનું સ્વામિ સચ્ચિદાનંદ મહારાજે જણાવ્યું હતું.

ગુજરાત રાજ્યએ કેપ્ટન સ્મિત મચ્છરને વિશિષ્ટ ગુજરાત ગરિમા એવાર્ડ આપવાની જાહેરાત કરી છે. તેવી જ રીતે તેઓની બહાદુરી, શૂરવીરતા અને હિંમતને બિરદાવતા રૂ.25 લાખ આપવાનું સ્વામીજીએ જાહેર કર્યું હતું. તેઓએ વધુમાં કહ્યું હતું કે હાલ તેઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, તેઓ ઝડપથી સ્વસ્થ થઈ ભારત પરત ફરવાની આશા વ્યક્ત કરી હતી. ઉપરાંત કેપ્ટન સ્મિતનું સન્માન તેઓના પારીવારીક મૂળ વતન વઢવાણ ખાતે થવા અંગે પણ વિચાર વ્યક્ત કર્યો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ
જય એન્ટરપ્રાઈઝ
કિશોર પ્લાઝા,
આણંદ.

નડિયાદ
ઈશાન ન્યુઝ પેપર એજન્સી
સાગર ભુવન, ડભાણ
ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225